**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૬/૦૩/૨૦૧૮ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૪૮/૧૮**

નરોડા વિસ્તારમાંથી ૨ વર્ષની બાળકી સને-૨૦૦૮ માં ગુમ થયેલ તે બાળકીને દસ વર્ષ બાદ ૧૩ વર્ષની ઉમરે શોધી કાઢતી અમદાવાદ શહેર, ક્રાઇમ બ્રાન્ચ.

પોલીસ મહા નિર્દેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી ગુમ/અપહરણ થયેલ બાળકોને શોધવા માટે તા.૦૧/૦૩/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ડ્રાઇવનુ આયોજન કરવામાં આવેલ હોય જે અનુસંધાને અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી નાઓની સુચના મુજબઅમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના સુચના/માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાંથી ગુમ થનેલ ૦ થી ૧૮ વર્ષના બાળકોને શોધી કાઢવા પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ તેમના સ્કોડના અધિકારી/માણસોને જરૂરી સુચના અને માર્ગદર્શન કરતા પો.સબ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં ગુમ થયેલ બાળકોને શોધવા માટેનીકામગીરી હાથ ધરેલ.

દરમ્યાન તા.૦૪/૦૩/૨૦૧૮ ના રોજ મ.સ.ઇ. અરૂણભાઇ ભગવાનદાસ તથા હેડ કોન્સ. પ્રહલાદસિંહ રતનસિંહ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે નરોડા પોલીસ સ્ટેશન જા.જોગ એન્ટ્રી નં.૩૦૪/૨૦૦૮ તા.૨૭/૧૦/૨૦૦૮ ના કામે ગુમ થનાર લક્ષ્મીબેન પંકજભાઇ પ્રહલાદભાઇ પટેલ તેઓના પતિ સાથે મનદુ:ખ થતા તા.૨૨/૧૦/૨૦૦૮ ના રોજ પોતાની દિકરી નામે કલ્પના ઉર્ફે કવીતા ઉર્ફે કક્ષાને સાથે લઇ ઘરેથી કોઇને કહ્યા વગર પોતાના પિયર ગામ કરણજ તા.કરજણ, જી.વડોદરા ખાતે જતા રહેલ. જે ગુમ થનાર હાલ વડોદરા જીલ્લાના કરજણ ગામ ખાતે રહેતા હોવાની માહિતી મળતા, ઉપરોક્ત કર્મચારીઓને સરકારી વાહન સાથે ગામ કરજણ, તા.કરણજ, જી.વડોદરા ખાતે મોકલી આપતા, સદર ગુમ થનાર બહેન તેઓની દિકરી સાથે મળી આવતા તેઓને તા.૦૪/૦૩/૨૦૧૮ ના રોજ રીપોર્ટ સાથે નરોડા પોલીસ સ્ટેશન ખાતે આગળની કાર્યવાહી માટે સોપવામાં આવેલ છે.

ચાંદખેડા વિસ્તારમાંથીપ તથા ૩ વર્ષના બાળકો સને-૨૦૧૭ માં ગુમ થયેલ તે બાળકોને શોધી કાઢતી અમદાવાદ શહેર, ક્રાઇમ બ્રાન્ચ.

પોલીસ મહા નિર્દેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી ગુમ/અપહરણ થયેલ બાળકોને શોધવા માટે તા.૦૧/૦૩/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ડ્રાઇવનુ આયોજન કરવામાં આવેલ હોય, જે અનુસંધાને અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી નાઓની સુચના મુજબઅમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના સુચના/માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાંથી ગુમ થનેલ ૦ થી ૧૮ વર્ષના બાળકોને શોધી કાઢવા પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ તેમના સ્કોડના અધિકારી/માણસોને જરૂરી સુચના અને માર્ગદર્શન કરતા પો.સબ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં ગુમ થયેલ બાળકોને શોધવા માટેનીકામગીરી હાથ ધરેલ.

દરમ્યાન તા.૦૩/૦૩/૨૦૧૮ ના રોજ મ.સ.ઇ. કુંદનકુમાર બાબુભાઇ તથા હેડ કોન્સ દિનેશકુમાર શીવમુરત તથા પોકો. કરણસિંહ રવસિંહ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે ચાંદખેડા પોલીસ સ્ટેશન જાજોગ એન્ટ્રી નં.૧૪૮/૨૦૧૭ તા.૨૮/૧૨/૨૦૧૭ ના કામે ગુમ થનાર નીતા વા/ઓ ચીરાગ કિશોરભાઇ પરમાર રહે.એ/૨૦૪, ક્રિષ્ના એપાર્ટમેન્ટ, વાળીનાથ ચોકડી પાસે, ચાંદખેડા નાઓ તેઓના બે સંતાનો જેમાં પુત્ર રૂદ્ર ઉંવ.પ તથા પુત્રી આલીયા ઉર્ફે ખુશી ઉવ.૩ સાથે ગઇ તા.૨૬/૧૨/૨૦૧૭ ના કલાક ૧૧/૦૦ વાગે ઘરેથી કોઇને કહ્યા વગર જતા રહેલ. જે ગુમ થનાર તેના બંને સંતાનો સાથે હાલ ગામ રામોસણા તાજી.મહેસાણા ખાતે પોતાની માતા અંબાબેન મોતીભાઇ સેનમા તથા ભાઇ જીતુભાઇ મોતીભાઇ સેનમા સાથે રહેતા હોવાની માહિતી મળતા, ઉપરોક્ત કર્મચારીઓને સરકારી વાહન સાથે ગામ ગામ રામોસણા તા.જી.મહેસાણા ખાતે મોકલી આપતા, સદર ગુમ થનાર બહેન તેઓના બંને સંતાનો સાથે મહેસાણા રામોસણા ગામ ખાતે ગફુરભાઇની ચાલી ખાતેથી મળી આવતા તેઓને તા.૦૩/૦૩/૨૦૧૮ ના રોજ રીપોર્ટ સાથે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આગળની કાર્યવાહી માટે સોપવામાં આવેલ છે.

**<u>ચોરીના કોર્મશીયલ ગેસના બાટલા નંગ-૨ ના મુદ્દામાલ સાથે બે આરોપીઓની ધરપકડ કરી વણશોધાયેલ ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢતી અમદાવાદ શહેરએસઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબએસઓ.જી.ક્રાઇમનેલગતાહેડનીકામગીરીકરવાતથામિલકત સબંધી બનેલ ગુનાઓ શોધીકાઢવાતથાબનતાગુનાઅટકાવવાસુચના કરેલ જે અનુસંધાને એસ્ઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારી તથા પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પો.સ.ઈ. એ.વી.શીયાળીયા તથા પો.સ.ઈ આર.જે.ચૌધરીનાઓની ટીમ પેટ્રોલીંગમાં હતીદરમ્યાનમસઇ હરેશકુમાર કાંતીલાલ તથા પો.કો.ચેતનકુમાર રામુભાઇ નાઓએ આપેલ સંયુક્ત બાતમી હકીકત આધારે વોચ તપાસ કરી પુરપીડીતનગર વિભાગ-૨, બબાકાકાની ચાલી, નવા વાડજ, અમદાવાદ શહેર ખાતેથી આરોપીઓ (૧) ભુપેન્દ્ર ઉર્ફે ભાવેશ s/o લક્ષ્મણભાઇ પરમાર ઉવ.૨૦ ધંધોઃમજુરી રહે, ૨૧૫, પુરપીડીતનગર વિભાગ-૨, બબાકાકાની ચાલી, નવા વાડજ, અમદાવાદ શહેર (૨) શૈલેષ મુકેશભાઇ રહેસીયા ઉવ૨૪ ધંધોઃમજુરી રહે, રબારી વસાહત, તેજાભાઇની ચાલી, વિજય કિરાણા સ્ટોર્સની પાછળ, નવા વાડજ, અમદાવાદ શહેર નાઓને બે કોર્મશીયલ બાટલા સાથે ઝડપી લેવામાં આવેલ જે આરોપીઓની પુછપરછ કરતાંઆજથી દોઢેક મહીના અગાઉ બંન્ને જણાં નવા વાડજ રામદેવપીરના ટેકરા પાસે રબારી વસાહતમાં કેટરર્સનું ગોડાઉન હોય જેથી રાત્રીના ત્યાં ગયેલ અને ગોડાઉનનું શટર ખોલી અંદર પ્રવેશ કરી અંદરથી૧૪ કોર્મશીયલ ગેસના બાટલાની ચોરી કરેલાની હકીકત જણાવેલ.જે બાબતે વાડજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૭/૧૮ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ છે સદરી આરોપીઓને આજરોજ તા.૦૫/૦3/૨૦૧૮ ના કલાક ૧૪/3૦ વાગે સીઆરપીસી કલમ ૪૧ (૧) ડી મુજબ પકડી અટક કરી આગળની કાર્યવાહી સારૂ વાડજ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશનઃ</u>**

**આજરોજ** તા.૦૫/૦૩/૨૦૧૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે પાસા અટકાયતી શ્રી અબ્દુલ રઝાક ઉર્ફે ભૈયુ S/O મોહમદ ઈસ્માઈલ શેખ ઉ.વ.૪૨ રહે- બાબુભાઈ લક્ષાવાળાની ચાલી, કોટની રાંગ, કાલુપુર, અમદાવાદ શહેર નાની વિરૂધ્ધ પાસા વોરંટની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે જિલ્લા જેલ, રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

સને ૧૯૯૫ માં મર્ડરના ગુનામાં પકડાયેલ અને આજીવન કેદની સજા પામેલ પાકા કામનીપેરોલ જમ્પ આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેરએસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રીક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસઓ.જી.ના પો.સ.ઇ.શ્રી એન.એન.રબારી તથા પોસઇ શ્રીજે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયાળીયા તથા પોસઇ શ્રી આર.જે.ચૌધરી નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન મસઇ પુજાબેન મદનસિંહ તથા હે.કો.ફીરોજખાન નસરૂદ્દીન નાઓની સંયુકત બાતમી હકીકત આધારેઇન્દીરાબ્રીજ સર્કલ પાસેથી પાકા કામના કેદી નં.ડ/૯૧૧૮રમાબેન w/o મનુભાઇ ચુનીલાલ બાબરીયા રહે, રાજરતન સોસાયટીની બાજુમાં, નવદીપ સામે, ઇન્દીરાબ્રીજ સરદારનગર અમદાવાદ વાળીને ઝડપી લેવામાં આવેલ સદરી બાઇની પુછપરછ કરતાં સને૧૯૯૫ માંમર્ડરના ગુનામાં સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ અને આ ગુનામાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં ગયેલ અને આ ગુનામાં આજીવન કેદની સજા થયેલ અને તા૧૩/૦૪/૨૦૧૬ના રોજ પેરોલ રજા મેળવેલ જે પેરોલ રજામાંઅવારનવાર વધારો કરેલ અને તા.૨૬/૦૫/૨૦૧૭ ના રોજ જેલમાં હાજર નહી થઇ પેરોલ રજા ઉપરથી જમ્પ કરી નાસતી ફરતી હતી ની હકીકત જણાવેલ. જેથી સદરી આરોપી બેનને આજરોજ તા.૦૫/૦૩/૨૦૧૮ ના રોજ હસ્તગત કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

મળી આવેલ બે સગીર છોકરીઓના વાલીવારસ શોધી પીતાને સોપવાની કામગીરી બાબતે

પોલીસ કન્ટ્રોલ રૂમના કલાક 20/18 વાગ્યે નો મેસેજ આધારે ચન્દ્રનગર વંદના ઢીંગલીઘર, નટેશ્વર મહાદેવની સામે બે છોકરીને બેઠેલ છે. જે મેસેજ આધારે પાલડી પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરતા મળી આવેલ બે છોકરીઓ નામે સીમા ઉ.વ-8 તથા હેતલ ઉ.વ-6 નાનીના વાલી વારસની સઘન શોધ ખોળ કરી મળી આવેલ બંન્ને છોકરીઓના પીતા-પ્રકાશ દેવજીભાઈ પ્રજાપતી રહે, નારાયણનગર વાસણા બેરેજ રોડ,વાસણા નાઓને સોપેલ છે.

**<u>સગીય વયની છોકરીને સન-૨૦૧૬ માં ભગાડી લઇ જનાર તથા વટવા પોસ્ટે. એટ્રોસીટીના ગુનામાં ફરાર થયેલ આરોપીને પકડી, ભોગ બનનારને શોધી કાઢતી અમદાવાદ શહેર, ક્રાઇમ બ્રાન્ચ.</u>**

પોલીસ મહા નિર્દેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી ગુમ/અપહરણ થયેલ બાળકોને શોધવા માટે તા.૦૧/૦૩/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ડ્રાઇવનુ આયોજન કરવામાં આવેલ હોય જે અનુસંધાનેઅમદાવાદ શહેર, પોલીસ કમિશ્નરશ્રી નાઓની સુચના મુજબઅમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના સુચના/માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાંથી ગુમ થનેલ ૦ થી ૧૮ વર્ષના બાળકોને શોધી કાઢવા પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ તેમના સ્કોડના અધિકારી/માણસોને જરૂરી સુચના અને માર્ગદર્શન કરતા પો.સબ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં ગુમ થયેલ બાળકોને શોધવા માટેની કામગીરી હાથ ધરેલ.

દરમ્યાન તા.૦૫/૦૩/૨૦૧૮ ના રોજ અ.હે.કો. હિતેન્દ્રસિંહ ખોડુભા બ.નં.૮૦૯૨ તથા હે.કો. વિજયસિંહ અદેસિંહ બ.નં.૫૧૮૦ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૫૫/૨૦૧૬ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ વિગેરે મુજબના કામમાં ભોગ બનનારને ભગાડી જનાર ઇસમ આકાશ કલ્યાણસીંગ રાજપુત ઉ.વ.૨૨નો ભોગ બનનાર તથા તેમની દિકરી સાથે વટવા, વેટીકન સીટી ચાર રસ્તા પાસે આવવાની ખાનગી બાતમી મળેલ હોય જે બાતમી આધારે વોચ ગોઠવી તેને તા.૦૫/૦૩/૧૮ ના રોજ પકડી પાડવામાં આવેલ. અને સદર આરોપી તથા ભોગ બનનાર તથા તેમની દિકરીને તપાસ સારુ વટવા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હાની તપાસના કામે સોંપવા તજવીજ કરવામાં આવેલછે.

સદર આરોપીની પુછપરછ દરમ્યાન પોતે એક-દોઢ વર્ષ અગાઉના અમદાવાદ ખાતે ભાડાના મકાનમા પોતાના માતા પિતા સાથે રહેતો હતો તે વખતે ભોગ બનનાર સાથે પ્રેમ સબંધ થયેલ અને આ અંગે પોતાના ઘરના સભ્યોને જાણ થતા ઝઘડો થયેલ. જેથી આરોપી તથા ભોગ બનનાર તા.૨૧/૧૧/૨૦૧૬ ના રોજ સવારના આઠ વાગે કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેનમાં બેસી ઝાંસી થી ઉરઈ યુ.પી. ખાતે ગયેલ હતા. અને ઉરઈ મુકામે રેલ્વે સ્ટેશન પાસે, કોંચ સ્ટેન્ડ ખાતે ભાડેથી મકાન રાખી આરોપી ભોગ બનનાર સાથે રહેતો હતો ત્યારબાદ આરોપી ભોગ બનનાર સાથે અમદાવાદ ખાતે આવેલ.

તેમજ સન-૨૦૧૬ પોતે સદર ભોગ બનનાર સાથે ભાગી ગયેલ તેના થોડાક દિવસો પહેલા પોતાના તથા અન્ય સહ મિત્રો વિરુધ્ધમાં વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૨૪૮/૨૦૧૬ ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮ વિગેરે ફરીયાદ દાખલ થયેલ છે. જે ગુનામાં અન્ય આરોપીઓ પકડાઇ ગયેલ છે અને પોતે આજદિન સુધી નાસતો-ફરતો હોવાનુ જણાવેલ છે.

આરોપી આકાશ રાજપુત



**<u>સગીય વયની છોકરીને જાન્યુઆરી-૨૦૧૭ માં ભગાડી લઇ જનાર આરોપીને તથા ભોગ બનનારને શોધી કાઢતી અમદાવાદ શહેર, ક્રાઇમ બ્રાન્ચ.</u>**

પોલીસ મહા નિર્દેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી ગુમ/અપહરણ થયેલ બાળકોને શોધવા માટે તા.૦૧/૦૩/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ડ્રાઇવનુ આયોજન કરવામાં આવેલ હોય, જે અનુસંધાનેઅમદાવાદ શહેર, પોલીસ કમિશ્નરશ્રી નાઓની સુચના મુજબઅમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના સુચના/માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાંથી ગુમ થનેલ ૦ થી ૧૮ વર્ષના બાળકોને શોધી કાઢવા પોલીસ ઈન્સપેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ તેમના સ્કોડના અધિકારી/માણસોને જરૂરી સુચના અને માર્ગદર્શન કરતા પો.સબ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં ગુમ થયેલ બાળકોને શોધવા માટેની કામગીરી હાથ ધરેલ.

દરમ્યાન આજરોજ તા.૦૬/૦૩/૨૦૧૮ ના રોજ અ.હે.કો. હિતેન્દ્રસિંહ ખોડુભા બ.નં.૮૦૯૨ તથા પો.કોન્સ. દિગ્વીજયસિંહ ભૂરુભા બનં.૫૮૦૬ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૯/૨૦૧૭ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ વિગેરે મુજબના કામમાં નાસતા ફરતા આરોપી અમુલ મારૂતીભાઇ ચૌહાણ ઉ.વ.૨૦ રહે. અમદાવાદ નાનો ભોગ બનનાર છોકરી તથા તેઓના એક નાના બાળક સાથે બીબી તળાવ તરફથી આવી વટવા ટર્નીંગ થઇ લાંભા ખાતે જનાર હોવાની માહિતી મળતા તા.૦૬/૦૩/૧૮ ના રોજ સદર આરોપીને પકડી અટક કરવામા આવેલ અને સદર આરોપી તથા ભોગ બનનાર તથા તેમના દિકરાને વટવા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હાની તપાસના કામે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર આરોપીની પુછપરછ કરતા આજથી આશરે એકાદ વર્ષ પહેલા ભોગ બનનાર સાથે પ્રેમ સબંધના કારણે બંને લગ્ન કરવાનુ નક્કી કરેલ પરંતુ માતા પિતા લગ્ન કરાવે તેમ ન લાગતા બંને એકાદ વર્ષ પહેલા ચોરી છુપીથી ઘરેથી જતા રહેલ હતા અને આરોપી તથા ભોગ બનનાર મુંબઇ, પુના તથા સોલાપુર એમ અલગ અલગ જગ્યાએ ભાડાના મકાનમાં રહેલઅને આરોપી છુટક કામ કરી ગુજરાન ચલાવતો હતો અને આજરોજ આરોપી તથા ભોગ બનનાર તથા તેમનો દિકરો એ રીતેના સોલાપુરથી અમદાવાદ ખાતે ટ્રેનમાં આવતા મળી આવેલ છે

આરોપી અમુલ મારૂતીભાઇ ચૌહાણ



**<u>સ્પ્લેન્ડર પ્રો બાઇકના મુદ્દામાલ સાથે એક ઇસમની ધરપકડ કરી વણશોધાયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>**

**સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબએસ.ઓ.જી. ક્રાઇમ ને લગતા હેડની કામગીરી કરવા તથા મિલકત સબંધી બનેલ ગુનાઓ શોધી કાઢવા તથા બનતા ગુના અટકાવવા સુચના કરેલ જે અનુસંધાને એસ.ઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારી તથા પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પો.સ.ઈ. શ્રી એ.વી.શીયાળીયા તથા પો.સ.ઈ આર.જે.ચૌધરી નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન મસઇ નરેન્દ્રસિંહ વજેસિંહ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે વોચ તપાસ કરી સરખેજ ઉજાલા સર્કલ પાસેથી આરોપી કિશનભાઇ રતિલાલ દેવીપુજક (લાકડીપરોણાવાળા) ઉવ.૨૨ ધંધો: છુટક મજુરી રહે, શાંતિપુરા સર્કલ પાસે એપ્પલ મોલની સામેની ખુલ્લી જગ્યામાં છાપરામાં, સરખેજ, નાઓને સ્પ્લેન્ડર મો.સા. સાથે ઝડપી લેવામાં આવેલ. આરોપીની પુછપરછ કરતાં આ બાઇક આજથી દસેક અગાઉ પાલડી નવા વિકાસગૃહ બાજુ કચરો વીણવા ગયેલ ત્યાંથી ચોરી કરેલાની હકીકત જણાવેલ. જે આ બાબતે તપાસ કરતાં પાલડી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૭/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોયસ્પ્લેન્ડર પ્રો મો.સા. કિ.રૂ.૧૫,૦૦૦/- ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી ઇસમને આજરોજ તા.૦૬/૦૩/૧૮ કલાક ૧૬/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઈ મુજબ પકડી અટક કરી આગળની કાર્યવાહી સારુ પાલડી પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.**

**<u>અકસ્માત (ફેટલ) ના ગુનામાં નાસતા ફરતાં આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથાનાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારૂં આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી એ.એ.દેસાઇ તથા પો.સ.ઇ. શ્રી એમ.કે.ઝાલા તથા પોસઇ શ્રી બી.ડી.ભટ્ટ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પો.કો.મહેન્દ્રસિહ હઠીસિહ તથા પો.કો. દશરથભાઈ નાગજીભાઈ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે સરસપુર આબેડકર હોલ પાસેથી આરોપી અનીલજી રમુજી ઠાકોર ઉવ.૩૨ ધંધો-મજુરી રહે- અમદુપુરા ઔડાના મકાનમા પહેલા માળે સરસપુર ગુરુદ્વારા સામે શહેરકોટડાને ઝડપી લેવામાં આવેલ જેની પુછપરછ કરતાં આજથી બે વર્ષ અગાઉ પ્રાતીજ પો.સ્ટે. ખાતે એક્સીડેન્ટ (ફેટલ)નો ગુનો દાખલ થયેલ જે ગુનામાં નાસતો ફરતો હોવાનું જણાવેલ ઉપરોકત બાબતે તપાસ કરાવતાં પ્રાતીજ પો.સ્ટે ખાતે ફસ્ટ ગુ.ર.ન.૧૯૯/૧૬ ઇપીકો કલમ ૩૦૪,૩૩૭,૩૩૮,૩૪ તથા એમવીએક્ટ કલમ ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબનો ગુનો દાખલ થયેલ હોય અને સદર આરોપી વોન્ટેડ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૬/૦૩/૨૦૧૮ કલાક ૧૩/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ પકડી અટકકરી વધું તપાસ અર્થે પ્રાંતીજ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## સને ૨૦૧૨ ના ગુન્હામાં અત્રેના પો સ્ટોમાં તેમજ અમદાવાદ શહેરના તથા વડોદાર શહેરના અલગ અલગ પો સ્ટેનના ગુન્હાઓમાં નાસ્તો ફરતો વોન્ટેડ આરોપી પકડી પાડતી વેજલપુર પોલીસ

આજરોજ ખાસ પોલીસ કમીશ્નર સેકટર ૧ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ઝોન ૭ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે અમદાવાદ શહેરમાં નાસ્તા ફરતા/પેરોલ ફર્લોના આરોપી પકડવા સુચના આપેલ અને અમારા સીધા માર્ગદર્શન હેઠળ પ્રો પો સબ ઇન્સ એ ડી દેસાઇ સાહેબ તથા મસઇ લાલજીભાઇ ભીખુભાઇ બનં ૬૪૧૪ તથા પો કોન્સ નરેન્દ્રસિંહ દાનસિંહ બનં ૧૦૦૩૫ તથા પો કોન્સ મોહસીન ઇસ્માઇલભાઇ બનં ૪૭૮ તથા પો કોન્સ બીપીનકુમાર મહેન્દ્રકુમાર બનં ૧૦૦૧૫ તથા બીજા સ્ટાફના માણસો પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા મસઇ લાલજીભાઇ ભીખુભાઇ બનં ૬૪૧૪ નાઓની ખાનગી બાતમી હકિકત આધારે આરોપી નામે વસમીઅલી વારીસઅલી સૈયદ ઉવ ૨૯ રહે મનં ૪૭ ટીચર્સ સોસાયટી સોનલ રોડ જુહાપુરા અમદાવાદ શહેર નાઓનો વેજલપુર સેકન્ડ ગુ ર નં ૩૦૮૨/૨૦૧૨ ધી ઇ પી કો કલમ ૫૦૬(૨),૧૧૪ મુજબના કામે નાસ્તો ફરતો હોય જેથી સદરી આરોપીને ઉપરોકત ગુન્હામાં આજરોજ તા ૦૫/૦૩/૧૮ ના કલાક-૧૭/૦૦ વાગે પકડી અટક કરી તેમજ સદરી આરોપી ઇસનપુર પો સ્ટેશન ફસ્ટ ગુ ર નં ૭૧/૧૩ ઇ પી કો કલમ ૪૦૬,૪૨૦,૫૦૬(૨),૨૯૪(ખ),૧૧૪ મુજબ તથા વડોદરા શહેર નુ જે. પી. રોડ પો સ્ટેશન ફસ્ટ ગુ ર નં ૧૩૯/૧૨ ઈ પી કો કલમ ૪૦૯,૪૧૮,૪૨૦,૧૨૦(બી) મુજબ તથા દાણીલીમડા પો સ્ટે તથા નવરંગપુરા પો સ્ટે તથા ડી સી બી વડોદરા પો સ્ટે ના ગુન્હામાં નાસતો ફરતો આરોપી પકડી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૦૫/૦૩/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.